### સ્ટેટ વિભાગનું કૌભાંડ ઝગમગ્યુ

# સાબરકાંઠામાં ફરજ બજાવતા સિંચાઈ અધિકારીની તપાસ ૪ વર્ષથી ગોકળ ગતિમાં

## કયા ખીલાના જોરે તપાસ ઢીલી પડી

હિંમતનગર, તા. ૧૦

સાબરકાંઠામાં ફરજ બજાવતા સિંચાઈ અધિકારીની ચેકડેમ-તળાવ ઊંડા કરવાની કામગીરીના કૌભાંડની તપાસ ૪ વર્ષથી ગોકળગાયની ગતિથી ચાલતાં અનેક લોકોને આશ્ચર્ય થઈ રહ્યુ છે. અગાઉ સ્ટેટ સિંચાઈ વિભાગમાં હતા ત્યારથી તપાસ શરૂ થઈ અને હાલ સાબરકાંઠા પંચાયત સિંચાઈ વિભાગમાં ફરજ બજાવતા અધિકારીએ કયા ખીલાના જોરે તપાસ ઢીલી કરાવી..!! ભ્રષ્ટ અધિકારીઓ સામે કડક પગલાં ભરવાનો હુંકાર કરતી ભાજપા સરકાર આ મુદ્દે ઝડપી તપાસ કરાવે તેવી લોકચર્ચા ઉઠી છે.

વાત છે એક પૂર્વ સ્ટેટ સિંચાઈ વિભાગના અધિકારીની... જ્યાં જુઓ ત્યાં હું અણિશુદ્ધ-પ્રમાણીક અધિકારી હોવાનું સ્વયંમ જણાવે છે. પરંતુ આ મહાશય અરવલ્લી જિલ્લામાં સ્ટેટ સિંચાઈ વિભાગમાં ફરજ બજાવતા હતા ત્યારે ભિલોડા-મેઘરજ-મોડાસા વિસ્તારમાં ચેકડેમ મરામત, તળાવ ઉંડા કરવાની કામગીરીમાં ભ્રષ્ટાચાર આદર્યાની ફરીયાદ પછી તપાસ શરૂ થઈ. ૪ વર્ષથી તપાસ ચાલે છે. પોતાના મળતીયા ઉચ્ચ અધિકારી સાથે ઘરોબો હોવાથી સ્ટેટ વિભાગ છોડી સાબરકાંઠા જિલ્લા પંચાયત સિંચાઈ વિભાગમાં ફરજ મેળવી... પરંતુ સ્ટેટ સિંચાઈ વિભાગની તપાસમાં એવું શું છે કે ૪ વર્ષ થવા છતાં તપાસ પૂરી થઈ નથી... કહેવાય છે કે તપાસ પૂર્ણ થાય તો ગાંધીનગર બેઠેલા વિભાગના અનેક ભ્રષ્ટ અધિકારીઓની પગતળે રેલો આવે છે અને જિલ્લામાં સ્ટેટ સિંચાઈ વિભાગમાં પાછલા ૫ વર્ષમાં કોરોડોની વિકાસ કામમાં થયેલો ગફલો પકડાય તો ૪ અધિકારીઓ ડીસેમ્બર-૨૦૨૧ પહેલાં જેલમાં ધકેલાય તેવી પુરી સંભાવના છે.



## કેન્દ્રીય કૃષિ રાજ્ય મંત્રીનું પાલનપુરમાં સ્વાગત કરાયું

કેન્દ્ર સરકારના કૃષિ રાજ્યમંત્રી અને રાજસ્થાન બાડમેરના સાંસદ કૈલાશજી ચૌધરીએ શુક્રવારે પાલનપુરની મુલાકાત લીધી હતી આ પ્રસંગે ખાતે જિલ્લા ભાજપ ઉપાધ્યક્ષ અમૃતભાઈ દેસાઈ (ગઢ), ભાજપના આગેવાનો મેરુજી ધુંખ, લાલજીભાઈ પ્રજાપતિએ કેન્દ્રીય મંત્રીનું શાલ ઓઢાડી સન્માન કરી શુભેચ્છાઓ પાઠવી હતી હતી.

# ધનસુરા તાલુકાના પ્રાથમિક શિક્ષકને બાલરક્ષક પ્રતિષ્ઠાન મહારાષ્ટ્ર દ્વારા એવોર્ડ એનાયત

ધનસુરા, તા. ૧૦

ધનસુરા તાલુકા ના હીરાપુર પ્રાથમિક શાળાના મદદનીશ શિક્ષક સંગીતાબેન ચીમનલાલ સોની ને બાલરક્ષક પ્રતિષ્ઠાન મહારાષ્ટ્ર ધ્વારા એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો ગાંધીનગર ભારત માતા ના મંદિર ખાતે આ કાર્યક્રમ યોજાયો હતો જેમાં બાલરક્ષક પ્રતિષ્ઠાન મહારાષ્ટ્ર ધ્વારા મહાત્મા ગાંધી આંતરરાષ્ટ્રીય શિક્ષક પુરસ્કાર આપવામાં આવ્યો હતો શિક્ષકો ધ્વારા નવતર પ્રયોગ ધ્વારા બાળકોને



ઉત્તમ શૈક્ષણિક વિકાસ માટે ની પ્રવૃત્તિઓ કરવામાં આવે છે ત્યારે બાલરક્ષક પ્રતિષ્ઠાન મહારાષ્ટ્ર ધ્વારા સમગ્ર દેશમાંથી ઈનોવેટીવ શિક્ષકો ને સન્માનિત કરાયા હતા જેમાં ધનસુરા તાલુકાના હીરાપુર પ્રાથમિક શાળાના મદદનીશ શિક્ષક સોની સંગીતાબેન ને એવોર્ડ થી સન્માનિત કરવામાં આવ્યા હતા ડૉ. રાની ખેડીકર અધ્યક્ષ બાલ રક્ષક પ્રતિષ્ઠાન મહારાષ્ટ્ર, નાયબ નિયામકશ્રી એમ.કે.રાવલ ના હસ્તે આ એવોર્ડ આપવામાં આવ્યો હતો જેને લઈને શિક્ષકો અને અગ્રણીઓએ અભિનંદન પાઠવ્યા હતા

### વરથુમાં યુવકના મૃત્યુનું ઘુંટાતું રહસ્ય...

# પરિવારે ઝાડ પરથી પડતા મોત સામે UGVCLએ વીજપોલ પરથી પટકાયોની અરજી આપી

મોડાસા, તા. ૧૦

મોડાસા તાલુકાના વરથુ ગામના કેનાલ રોડ પર એક યુવકનું આકસ્મીક મોત નીપજ્યું હતું જેમાં પરિવારજનોએ યુવક ઝાડ કાપવાની મજૂરી કરતા ઝાડ પરથી પટકાતા મોત થયું હોવાની



મોડાસા રૂરલ પોલીસને જાણ કરી હતી બીજીબાજુ આ ઘટનાના ૨૪ કલાક પછી ટીંટોઈ યુજીવીસીએલ કચેરીના એન્જીનીયરે મૃતક યુવક ગેરકાયદેસર રીતે વીજલાઈન સાથે છેડછાડ કરતા મોત નીપજ્યું હોવાની અરજી સાથે મોડાસા રૂરલ પોલીસ સ્ટેશને પહોંચતા યુવકના મૃત્યુનું રહસ્ય ઘેરાયું છે જો કે મોડાસા રૂરલ પોલીસે યુજીવીસીએલના અધિકારીની અરજી અગમ્ય કારણોસર ન લેતા અધિકારીએ આ અંગે જીલ્લા પોલીસતંત્રના ઉચ્ચ અધિકારીને ટેલીફોનીક જાણ કરી હતી હાલ યુવકના મોત અંગે પીએમ રિપોર્ટની રાહ જોવાઈ રહી છે રાજલીના યુવકના મૃત્યુ અંગે તરહ તરહની ચર્ચાએ જોર પકડ્યું છે ત્યારે જીલ્લા પોલીસવડા આ અંગે નિષ્પક્ષ તપાસ કરાવે તેવી લોક માંગ પ્રબળ બની છે

પ્રાપ્ત માહીતી અનુસાર, રાજલી ગામના કેસરીસિંહ અર્જુનસિંહ ચૌહાણનું બે દિવસ અગાઉ વરથુ ગામમાં એક ખેડૂતના ખેતરમાં નવા બની રહેલા તબેલામાં મજૂરી કામ દરમિયાન કેનાલ રોડ પર ખેતરમાં મોત નીપજ્યું હતું ત્યારે કેસરીસિંહ ચૌહાણનું મોત વીજપોલ પરથી પડી જતા કે પછી કરંટ લાગતા મોત નીપજ્યું હોવાની જાગૃત નાગરિકે ટીંટોઈ યુજીવીસીએલમાં ફરજ બજાવતા એન્જીનીયર બિપીન ફેરાને થતા તાબડતોડ ઘટનાસ્થળે પહોંચી યુવકના મોત અંગે પંચનામું કર્યું હતું અને તેમાં યુવકે વીજતંત્રની મંજૂરી વગર કામગીરી કરતા મોત થયું હોવાનો આક્ષેપ સાથે મોડાસા રૂરલ પોલીસ સ્ટેશનમાં અરજી માટે પહોંચતા યુવકના મોતનું રહસ્ય ઘેરાયું છે બીજીબાજુ મૃતક યુવકના પરિવારજનોએ યુવકનું આકસ્મીક મોત થયા અંગે મોડાસા રૂરલ પોલિસ સ્ટેશનમાં એડી દાખલ કરાવતા પોલીસે મૃતક યુવકનું પીએમ કરાવી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# રામગઢી સેવા મંડળીના ચેરમેન તરીકે વરણી કરાઈ

મેઘરજ તા. ૧૦



મેઘરજ તાલુકાની રામગઢી સેવા મંડળીના ચેરમેન વરણી કરવામાં આવી હતી. રવિવારના રોજ રામગઢી સેવા મંડળી ખાતે ચેરમેન માટેની ચૂંટણી યોજાઈ હતી જેમાં ચેરમેન તરીકે સિદ્ધરાજભાઈ મૂળચંદભાઈ લબાનાની ચેરમેન તરીકે વરણી કરવામાં આવી હતી. ચેરમેન તરીકે સિદ્ધરાજભાઈ લબાનાની નિમણુંક થતાં પંથકમાં આનંદની લાગણી છવાઈ ગઈ હતી.

# પાલનપુરમાં કોરોના બે વર્ષ બાદ રાવણ દહન યોજાશે

પાલનપુર, તા. ૧૦

શ્રી રામ સેવા સમિતી દ્વારા રાવણ બનાવવાની કામગીરી હાથ ધરવામાં આવી રહી છે.જે બે દિવસમાં સંપૂર્ણ તૈયાર થયા બાદ દશેરાના દિવસે રામલીલા મેદાનમાં રાવણનું દહન કરવામાં આવશે. પાલનપુર શ્રી રામ સેવા સમિતી



દ્વારા પાલનપુર હનુમાન ટેકરી નજીક આવેલ હેવમોર આઈસ્ક્રીમની દુકાન પાસે રામજી મંદિરના મહંત રાઘવદાજી મહારાજ અને કમલેશભાઈ મહેતાની દેખરેખ હેઠળ મથુરાથી આવેલા કારીગરો દ્વારા રાવણ બનાવવાની કામગીરી હાથ ધરવામાં આવી છે.આ અંગે કમલેશભાઈ મહેતાએ જણાવ્યુ હતુ.કે દશેરાના દિવસે પાલનપુર રામલીલા મેદાનમાં રાવણનું દહન કરવામાં આવે છે.જેથી ૨૦ દિવસ પહેલાથી મથુરાના કારીગરોને બોલાવી રૂ.૧,૩૦,૦૦૦ના ખર્ચે ૫૧ થી ૫૫ ફુટ ઉંચો રાવણ બનાવવાની કામગીરી ચાલી રહી છે.જે બે દિવસમાં પૂર્ણ કરવામાં આવશે.ત્યારબાદ દશેરાના દિવસે રામલીલા મેદાનમાં રાવણનું દહન કરવામાં આવશે.

# જિલ્લાના એક શહેરમાં રૂપાળી મહિલા સાથેના આંખ મિચામણાં ૧ લાખમાં પડ્યા!!

## ડોકીયું લઈ આપ્યું પણ ઝવેરીને પૈસા આપવામાં ઠાગાઠૈયા થતાં બીજી હરોળના નેતાની નાલેષી

બાયડ, તા. ૧૦

રાજકીય પક્ષોના કાર્યકરોના વોટ્સએપ ગ્રુપ બિભત્સ ફોટા - વીડિયો વાયરલ થવાના બનાવ સામાન્ય છે. તેમાં અજાણતાં જ ફોટો - વીડિયો પરંતુ તાજેતરમાં એક રાજકીય પક્ષના સૂઝબુઝથી પણ વાયરલ કરાય છે. પરંતુ તાજેતરમાં એક રાજકીય પક્ષના ઠેકઠેકાણે યોજાયેલાં કાર્યક્રમમાં જિલ્લાના એક શહેરના બીજી હરોળના નેતા ને રૂપાળી મહિલા સાથેના આંખ મિચામણામાં ૧ લાખનો ફટકો પડ્યાનું સંભળાય છે. આમ તો આ વિગત બહાર ન આવત પરંતુ 'નાગાઈ' કરવાના સ્વભાવને ચાલુ રાખી ઝવેરીને પૈસા આપવામાં ઠાગાઠૈયા થતા કાનાફૂસી પછી આ વાત જાહેર થઈ છે.

રાજકીય પક્ષોમાં હવે મહિલાઓનું પ્રભુત્વ વધ્યું છે અને તેના કારણે રાજકીય પક્ષોને કયાંક ફાયદો તો જૂજ મહિલાઓના કારણે કયારેક શરમીંદી પણ વહોંરવી પડે છે. વાત એમ છે કે રૂપાળા મહિલા સામે રાજકીય પક્ષના બીજી હરોળના નેતા ભાવુક (લટ્ટુ) થયા... ને જાય ત્યાં પાછળ કોઈ ને કોઈ બહાને પહોંચી જાય, તેમની ચા-નાસ્તા-ભોજનની ચીવટ રાખે - ઘરે ઘરવાળીની આટલી ચિંતા પણ નહીં કરી હોય...!! પછી રુપાળી મહીલા અને નેતા વચ્ચે આંખ મિંચામણા થયા... મહીલાને ગિફ્ટ આપવાનો પ્રસ્તાવ મૂક્યો... ચકોર મહિલાએ આંખો નમાવી 'હા' ભણી બીજા દિવસે યાત્રાધામ પહોંચી ગીફ્ટ રુપે રૂા. ૧ લાખનું સોનાનું ડોકીયું આપ્યું... સુંદર ડીઝાઈન જોઈ 'મહીલા' મલકાયા... પછી આકર્ષીત અદામાં મારકાંણી આંખોથી આભાર માન્યો મહિલા સાથે પછી નેતાને મુલાકાત થઈ કે કેમ તે બહાર આવ્યું નથી.... પરંતુ ઝવેરીને ડોકીયાના રૂા. ૧ લાખ ન ચૂકવતા આ મામલો ધીમે ધીમે બહાર આવ્યો છે. શાસ્ત્રોમાં પણ કહ્યાં છે કે પરિવારને દુઃખી કરીને દાન કે ગીફ્ટ આપવા નહીં.... પરંતુ બીજી હરોળના નેતા માટે તો લીધા પછી કોઈને કસું આપવાનું નહીં... વધુ ઉઘરાણી થાય તો ગાળાગાળી કરવાની....!! પછી જીએસટી વાળા બિલની માંગણી કરવાની... લાગે છે ઝવેરી પણ નેતાની વાતમાં અંજાઈ છેતરાયો છે. કોઈ ગરીબ માટે ઝવેરી આટલી સંવેદના નાખે તો ધંધામાં બરકત આવી પણ અહીં તો...!! કંઈક અલગ જ થયું છે.

# બાયડ શહેર અનુસૂચિત જાતિ મોરચા પ્રભારી તરીકે પિયુષ ચમારની નિયુક્તિ

બાયડ, તા. ૧૦

ભારતીય જનતા પાર્ટી અરવલ્લી દ્વારા જિલ્લાના ૮ મંડળના અનુસૂચિત જાતિ મોરચાના પ્રભારી - સહપ્રભારી તરીકે નિયુક્તિ કરાયા છે. જેમાં બાયડ શહેર પ્રભારી તરીકે પિયુષ જેઠાભાઈ ચમારની નિયુક્તિ થતાં બાયડ શહેર ભાજપા સંગઠને અભિનંદન પાઠવ્યા હતા. જયારે



ભિલોડા-યોગેશ બુદ્ધ, મેઘરજ કે.ડી. પરમાર, મોડાસા - નાનજી વણકર, મોડાસા શહેર - નર્મદા રાઠોડ, બાયડ - દિપક સ્નેહી, માલપુર - શંકર, સોલંકીની પ્રભારી તરીકે નિયુક્તિ કરાતાં તમામ મંડલોના ભાજપા આગેવાનોએ નિયુક્ત પ્રભારી - સહપ્રભારીનો અભિનંદન પાઠવ્યા હતા.

# પ્રાંતિજના પીલુદ્રાના ઈસમ સાથે રુપિયા ૩,૬૭,૬૦૦નું ફ્રોડ થતા પોલીસ ફરીયાદ

પ્રાંતિજ તા.૧૦

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ના પીલુદ્રા ના ઈસમ સાથે બેંક જેવી સુવિધા કેન્દ્ર ખોલાવી bankmitrabc.net.in નામની સાઈટ ઉપર બેંક જેવી સુવિધા કેન્દ્ર ખોલવા માટે રજીસ્ટ્રેશન કરાવતા જે રજીસ્ટ્રેશન આધારે આ

## હિંમતનગર સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશન ખાતે અજાણ્યા ઇસમ વિરૂધ્ધ ફરિયાદ થઈ : બેંક જેવી સુવિધા કેન્દ્ર ખોલી આપવાના બહાને ફ્રી ભરાવી ૩,૬૭,૬૦૦નુ ફોડ થતા ફરીયાદ : વિશ્વાસ મા લઈ ને અલગ-અલગ ચાર્જ પેટે ૩,૩૬,૬૦૦ ભરાવડાવી ઓનલાઈન છેતરપીંડી : રજીસ્ટ્રેશન તથા ઓવર ડ્રાફ્ટ એકાઉન્ટ તથા એડન્વાસ ફ્રી, ટાવેલીંગ ફ્રી ભરાવડાવી ઓનલાઈન છેતરપીંડી

આપવાના બહાને ૩,૬૭,૬૦૦ નુ ફોડ થતા પીલુદ્રા ના ભોગબનાર ઈસમ દ્વારા હિંમતનગર સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન મા અજાણ્યા ઈસમ વિરૂધ્ધ પોલીસ ફરીયાદ કરી

પ્રાંતિજ ના પીલુદ્રા ખાતે રહેતા શ્યામ જેઠાભાઈ પટેલ કે જેવો એ કામના આરોપી ઈસમ દ્વારા મોબાઈલ નંબર ૯૮૩૧૭૭૪૫૭૪ ઉપર થી શ્યામ જેઠાભાઈ પટેલ ને ફોન કરી CSP Bank Mitra કંપની નામે બેંક જેવી સુવિધા કેન્દ્ર ખોલી આપવાના બહાને ફરીયાદી શ્યામ જેઠાભાઈ પટેલ ને વિશ્વાસમા લઈ તેવો પાસેથી રજીસ્ટ્રેશન તથા ઓવર ડ્રાફ્ટ એકાઉન્ટ તથા એડન્વાસ ફ્રી , ટ્રાવેલીંગ ફ્રી આમ અલગ-અલગ ચાર્જ પેટે એસબીઆઈ ખાતા નંબર - ૬૨૨૪૧૮૪૩૭૩૯ મા કુલ-૩,૬૭,૬૦૦૦ રૂપિયા ભરાવડાવી ફરીયાદી શ્યામ જેઠાભાઈ પટેલ ને બેંક જેવી કોઈ સુવિધા કેન્દ્ર ના ખોલી આપી તેમજ શ્યામ જેઠાભાઈ પટેલ ને તેમના પૈસા આજદિન સુધી પરત ના આપી શ્યામ જેઠાભાઈ પટેલ સાથે વિશ્વાસ ધાત અને ઓનલાઈન છેતરપીંડી ગુનો કરતા ભોગબનાર શ્યામ જેઠાભાઈ પટેલ રહે.પીલુદ્રા , તા.પ્રાંતિજ , જિ.સાબરકાંઠા દ્વારા હિંમતનગર સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન ઉપર આવેલ ફોન નંબર ઉપર થી અજાણ્યા ઈસમ વિરૂધ્ધ પોલીસ ફરીયાદ કરતા હિંમતનગર સાયબર ક્રાઈમ પોલીસ દ્વારા આઈપીસીકલમ-૪૦૬,૪૧૯ તથા ઈન્ફોર્મેશન ટેકનોલોજી એકટ ૨૦૦૮ ની કલમ ૬૬ (ડી) મુજબ ગુનો નોધી આગળ ની તપાસ પોલીસ સ્ટેશન ના ઈન્ચાર્જ વાય.જે.રાઠોડ પોલીસ ઈન્સ્પેકટર દ્વારા તપાસ હાથ ધરવામા આવી હતી.

## રાજકોટ શહેરના ડી.સી.બી. પોલીસ સ્ટેશનના પ્રોહીબિશનના ગુનામાં છેલ્લા એક વર્ષથી નાસતા-ફરતા આરોપીને પકડી પાડતી પેરોલ ફર્લો સ્કોડ બનાસકાંઠા

પાલનપુર,તા. ૧૦

IGP સા.શ્રી જે.આર.મોથલીયા સાહેબ સરહદી રેન્જ ભુજ નાઓ તરફથી નાસતા ફરતા આરોપીઓ પકડવા સારું આપેલ સૂચના અંતર્ગત રાજકોટ શહેર ડી.સી.બી.પો.સ્ટે પ્રોહી.ગુ.ર.નં ૬૫/૨૦૨૦ પ્રોહી ક.૬૫એઇ,૧૧૬(બી),૯૮(૨) વિગેરે મુજબના ગુનાનો એક વર્ષથી નાસતો ફરતો આરોપી સેધાભાઈ ઉર્ફે સોઢાભાઈ રાવતાભાઈ જાતે.માજીરાણા રહે.થાવર ,તાલુકો-ધાનેરા વાળા ને થાવર મુકામે થી આજરોજ તા.૦૯/૧૦/૨૦૨૧ ના રોજ પકડી પાડી આગળની કાર્યવાહી કરવા સારું રાજકોટ શહેર ડી.સી.બી.પો.સ્ટે જાણ કરી ધાનેરા પોલીસ સ્ટેશન ખાતે સોંપવામાં આવેલ છે.

# બનાસકાંઠા પ્રિન્સીપલ ડિસ્ટ્રીક્ટ જજ વી. બી. ગોહિલના હસ્તે શિહોરી-લાખણી ખાતે નવીન કોર્ટ બિલ્ડીંગનું ઉદ્‌ઘાટન





પાલનપુર, તા. ૧૦

બનાસકાંઠા પ્રિન્સીપલ ડિસ્ટ્રીક્ટ જજશ્રી વિક્રમસિંઘ બી. ગોહિલના હસ્તે શિહોરી અને લાખણી ખાતે પ્રિન્સીપલ સીવીલ કોર્ટના નવીન બિલ્ડીંગનું ઉદ્દઘાટન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પ્રિન્સીપલ ડિસ્ટ્રીક્ટ જજશ્રી વિક્રમસિંઘ બી. ગોહિલે શુભેચ્છા પાઠવતાં જણાવ્યું કે, શિહોરી અને લાખણી ખાતે સુવિધાસજ્જ કોર્ટના નવીન બિલ્ડીંગ બનવાથી આ વિસ્તારના લોકોને ન્યાય મેળવવામાં સારી સુવિધા પ્રાપ્ત થશે. તેમણે કહ્યું કે આ ન્યાય સંકુલને વિશેષ સુવિધાસભર બનાવી સરસ કામગીરી કરીએ તથા આ ન્યાય સંકુલની ગરીમા જળવાય તે રીતે પ્રજાને સાચો ન્યાય આપવા આપણે સૌ કટીબધ્ધ બનીએ.

આ પ્રસંગે શિહોરી કોર્ટના પ્રિન્સીપલ સીવીલ જજશ્રી એમ. વાય .સ્વામી, લાખણી કોર્ટના પ્રિન્સીપલ સીવીલ જજશ્રી એફ. આર. કોઠારીયા, ડીસા-દિયોદર- થરાદના પ્રિન્સીપલ જજશ્રીઓ, શિહોરી બાર એસોસિએશનના પ્રમુખશ્રી ડી. વી. દેસાઇ, દિયોદર અને ભાભર બાર એસોસિએશનના પ્રમુખશ્રીઓ, શિહોરી વકીલ મંડળના સભ્યો, વકીલશ્રીઓ સહિત ન્યાય સંકુલનો સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો.